જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૧/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**      **સમાચાર યાદી નં.૧૮૭/૧૬**

**નીકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ ખુનના આરોપીની ધરપકડ કરતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓએ નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પો.સ.ઇન્સ. શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન નીકોલ પોલીસ સ્ટેશન I ગુ.ર.નં. ૧૪/૨૦૧૬ ઈપીકો કલમ ૩૦૨, જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબના કામના ફરીયાદી જીગર ઈશ્વરભાઈ સુતરીયાની ફરીયાદના કામે મરણજનાર કૌશિક કનુભાઈ સગરની માનેલી બહેન નામે હંસાબેન તે રણજીતસિંહ મહીડાની વિધવાને આ કામના આરોપી ઉત્તમ બાબુભાઈ તેલંગુ અવારનવાર હેરાન કરતો હોય જે બાબતે મરનાર કૌશિકભાઈ સગરે તેને સમજાવતા ગઈ તા.૨૫/૧/૧૬ ના રાત્રિના સવા દસેક વાગેના સુમારે મનોહરવિલા ચાર રસ્તા પાસે જાહેરમાં આરોપીએ રામપુરી ચપ્પાથી કૌશિકભાઈ કનુભાઈ સગરને શરીરે છાતીના ભાગે તથા કમરના ડાબા પડખે જમણા હાથે વિગેરે જગ્યાએ અસંખ્ય ઘા મારી ગંભીર પ્રકારની ઈજાઓ કરી મોતને ઘાટ ઉતારી નાસી ગયેલ જેને આજરોજ બાપુનગર છેલ્લા એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસેથી બાતમી આધારે પકડી આગળની કાર્યવાહી અર્થે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરેલ છે.

**આરોપીનો ફોટો**



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)